**સૈનિક સ્કુલ ખેરંચા, ભિલોડા ખાતેના વિદ્યાર્થીઓના નિભાવ ખર્ચમાં વધારો કરવા માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.**

**ગુજરાત સરકાર,**

આદિજાતિ વિકાસ વિભાગ,

ઠરાવ ક્રમાંક: અનશ/૨૦૨૦૧૫/ન.બા.૨૧/ગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૬/૦૪/૨૦૧૫.

**વંચાણે લીધા:-**

(૧) કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત રાજ્ય ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડન્સીયલ એજ્યુકેશનલ સોસાયટીનો તા.૨૪/૧૧/૨૦૧૪નો પત્ર નં:- ટી.ડી./ઈ.એમ.આર.એસ./હસબ/નવી બાબત/૨૦૧૪-૧૫/૧૫૪૯.

**ઠરાવ:-**

ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલોપમેન્ટ એજ્યુકેશનલ ઈન્સ્ટીટ્યુશન્સ સોસાયટી દ્વારા સાબરકાંઠા જિલ્લાના ખેરંચા ગામ ખાતે સૈનિક સ્કુલનું સંચાલન કરવામાં આવે છે. સૈનિક સ્કુલ ખેરંચા, આદિજાતિ બાળકો માટે ચાલતી એકમાત્ર સૈનિક શાળા છે. આ શાળામાં આદિજાતિના બાળકોની પ્રતિભાને વિકસાવી તેઓને લશ્કર, આઈ.પી.એસ. કે પોલીસ દળમાં જોડાઈ શકે તેવી તાલીમ પુરી પાડવામાં આવે છે. જે માટે બાળકો માટે ખાસ તાલીમ શિબિર તેમજ આર્મીના ઓફીસરો દ્વારા તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવે છે. હાલમાં સૈનિક સ્કુલ, ખેરંચાને એકલવ્ય મોડેલ રેસીડન્શીયલ સ્કુલોની યોજના મુજબ રૂ.૪૨,૦૦૦/-ની નિભાવ ખર્ચની ગ્રાન્ટ પુરી પાડવામાં આવે છે. પરંતુ આદિજાતિ માટે માત્ર આ એક જ સૈનિક શાળા હોઈ તેમજ સૈનિક બનવા માટે બાળકો કરવામાં આવતી વધારાની પ્રવૃત્તિઓને લીધે બાળકો માટેના નિભાવ ખર્ચમાં વધારો કરવાની જરૂરીયાત છે જે માટે સૈનિક શાળા, ખેરંચાના વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ ચૂકવવામાં આવતી વાર્ષિક નિભાવ ખર્ચની રકમ રૂ.૪૨,૦૦૦/-માં રૂ.૧૦,૦૦૦/-નો વધારો કરવા માટે ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧)ના કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત રાજ્ય ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડન્સીયલ એજ્યુકેશનલ સોસાયટીના પત્રથી નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સૈનિક સ્કુલ ખેરંચા, ભિલોડા ખાતેના વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદીઠ ચૂકવવામાં આવતી વાર્ષિક નિભાવ ખર્ચની રકમ રૂ.૪૨,૦૦૦/-માં રૂ.૧૦,૦૦૦/-નો વધારો કરવા માટેની સને ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ રૂ.૮૧.૬૫ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતીની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડેરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચોસ્તપણે પાલન ખરીદવાનું રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:- ૦૨- અનુસૂચિત જનજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર-૮૯-VKY-230 એકલવ્ય મોડેલ નિવાસી શાળાઓ હેઠળ થયેલ જોગવાઈમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણા વિભાગની તા.૧૩/૦૪/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

-/-

**(નરેન્દ્ર વાઘેલા)**
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, (આ.વિ.), બિરસામુંડા ભવન, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત રાજ્ય ટ્રાયબલ ડેવલોપમેન્ટ રેસીડન્સીયલ એજ્યુકેશનલ સોસાયટી, બિરસા મુંડા ભવન, ગાંધીનગર.

નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં-૧૪/૨જો માળ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઈલ.